| | | | | |
|---|---|---|---|---|
| **દાખલ તારીખ** | : | ૧૧/૦૭/૨૦૨૨ | | |
| **રજીસ્ટર તારીખ** | : | ૧૧/૦૭/૨૦૨૨ | | |
| **ફેંસલ તારીખ** | : | ૧૬/૦૯/૨૦૨૫ | | |
| **સમયગાળો** | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૨ | ૦૫ |
| **આંક** | : | | | |

==========================================================

**૧૧ મા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ શ્રીની કોર્ટમાં, અમદાવાદ (રૂરલ) અમદાવાદ.**

==========================================================

.................................................................................................

**સેશન્સ કેસ નંબર : ૧૭૮/૨૦૨૨**

.................................................................................................

**ફોર્મ– "એ"**

| **૧૧, મા એડી. ડીસ્ટ્રીકટ જજ શ્રીની કોર્ટમાં, અમદાવાદ (રૂરલ) અમદાવાદ.** | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૧૬/૦૯/૨૦૨૫ |
| **સેશન્સ કેસ નં.** | ૧૭૮/૨૦૨૨ |
| **ગુ.રજી.નંબર** | **ફર્સ્ટ ગુન્હા રજી. નં.૧૨૮/૨૦૨૦**<br>**(ઓનલાઈન નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૬૬૭ /૨૦૨૦)** |
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **ફરીયાદ પક્ષે** | વિ. એ.પી.પી. શ્રી આર.પી. ઠાકર. |
| **આરોપીઓ** | **(૧) મોહંમદરફીક મોહંમદઆલમ અંસારી,**<br>રહે.મ.નં.૫૮, રહેમતનગર, સુંદરમનગર પાસે,<br>બાપુનગર, અમદાવાદ.<br>**(૨) સોએબ અબ્દુલસમદ શેખ,**<br>રહે.એમ.બી. કોમ્પ્લેક્ષ, કલંદરી મસ્જીદ પાસે,<br>રખિયાલ, અમદાવાદ. |
| **બચાવ પક્ષે** | આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી એમ. આઈ. પઠાણ<br>આરોપી નં.ર તરફે વિ.વ.શ્રી એમ. ડી. પઠાણ |

### ફોર્મ – ''બી''

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૩/૧૦/૨૦૨૦ |
| એફ. આઈ. આર. ની તારીખ | ૨૪/૧૦/૨૦૨૦ |
| ચાર્જશીટ દાખલ થયાની તારીખ | ૧૫/૦૩/૨૦૨૧ |
| પ્લી/તહોમતનામુ ઘડયાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૩/૦૯/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૨૧/૦૮/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૬/૦૯/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | -- |

### -: આરોપીની વિગત :-

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુન્હાનો આરોપ મૂકયો છે | નિર્દોષ કે દોષિત | સજા લાદવા માં આવી | ફો.કા.સં. કલમ-૪૨૮ ના હેતુ માટે અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મોહંમદરફીક મોહંમદઆલમ અંસારી | તા.૨૦/૦૧/૨૦૨૧ | તા.૨૬/૦૪/૨૦૨૧ | ઈ.પી. કોડની કલમ-૩૭૯, ૪૧૩, ૧૧૪ | નિર્દોષ | - | - |
| ૨ | સોએબ અબ્દુલસમદ શેખ | તા.૨૦/૦૧/૨૦૨૧ | તા.૨૮/૦૪/૨૦૨૧ | ઈ.પી. કોડની કલમ-૩૭૯, ૪૧૩, ૧૧૪ | નિર્દોષ | - | - |

### ફોર્મ – સી

## -: ફરીયાદી / બચાવ પક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી :-

## (એ) ફરીયાદ પક્ષ :-

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ભાવિશભાઈ સુરેશભાઈ મહેતા | મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચ સાહેદ | ૧૭ |
| ૨ | ઝહીરઅબ્બાસ ઈસબભાઈ દલાલ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૮ |
| ૩ | મહંમદ અકીલ અહેમદ શહીદ શેખ | ફરીયાદી | ૧૯ |
| ૪ | દેવેન્દ્રસિંહ બબલસિંહ રાઠોડ | સાહેદ | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | રાજેન્દ્રભાઈ હરજીભાઈ દેસાઈ | પોલીસ સાહેદ | ૨૩ |
| ૬ | દિલાવરસિંહ પ્રવિણસિંહ સોલંકી | તપાસ કરનાર અમલદાર | ૨૫ |
| ૭ | વનરાજસિંહ દિલીપસિંહ ડોડીયા | તપાસ કરનાર અમલદાર | ૨૭ |

(બી) <u>બચાવપક્ષ :–</u>

| **ક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

(સી) <u>અદાલત ધ્વારા :–</u>

| **ક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

## <u>–: ફરીયાદી / બચાવપક્ષ / કોર્ટનાં દસ્તાવેજી આંકની સુચી :–</u>

(એ) <u>ફરીયાદપક્ષ :–</u>

| **ક્રમ** | **આંક નંબર** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | P-1/PW-1 | આરોપીની અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ |
| ૨ | P-2/PW-2 | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | P-3/PW-3 | ફરીયાદ |
| ૪ | P-4/PW-4 | તપાસ સોંપ્યા અંગેનો રીપોર્ટ |
| ૫ | P-5/PW-5 | કલમ વધારાનો રિપોર્ટ |

(બી) બચાવ પક્ષ ધ્વારા કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(સી) અદાલત ધ્વારા બીજા કોઈ દસ્તાવેજી પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી) કબજે કરવામાં આવેલ મુદ્દામાલ :–

| **Sr No.** | **Material Number** | **Description** |
|---|---|---|
| ૧. | **સરખેજ પોલીસ સ્ટેશન મુદ્દામાલ પાવતી નં.૨૩/૨૦૨૧,** | એક આર.૯ બુલેટ કલાસીક–૩૫૦ જે ગન મેટ ગ્રે કલરનું છે જેનો આગળ પાછળ આર. ટી. ઓ. નંબર પ્લેટ નથી, જેનો એન્જીન નં.U355-C2JM324716 તથા ચેચીસ નં.ME3U355C2JM352700 નો વંચાય છે જેની હાલની કિંમત રૂા.૮૦,૦૦૦/– ગણી શકાય. |

| | | |
|---|---|---|
| | તા.૧૮/૦૧/૨૧ માં જણાવ્યા મુજબ | |

===================

## ॥ ચુકાદો ॥

===================

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી આકીલ સ/ઓ. અહેમદ શહીદ ભુરાખાન શેખ નાએ તા.૨૪/૧૦/૨૦૨૦ નાં રોજ એ.હે.કો., સરખેજ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર રૂબરૂમાં પોતાની ફરિયાદ હકીકત લખાવેલ છે કે, તા.૨૩/૧૦/૨૦૨૦ નાં રોજ બપોરના ત્રણેક વાગે મારા સાળા મોહંમદશકીલ નજીરભાઈ શેખ નાઓએ મને ફોન કરી જણાવેલ કે,''હું બપોરના આશરે પોણા એક વાગે જુહાપુરા ખાતે આવેલી ફેબ્રીકેશનની દુકાનેથી તમારું રોયલ એનફિલ્ડ બુલેટ નં.જી.જે.–૦૧, યુ. એન. ૫૭૨૪ નું લઈ સરખેજ ગુલશને મહેર સ્કૂલ ટીપી ૮૫ રોડ ખાતે આવેલ સકીના મસ્જીદ ખાતે જુમ્માની નમાજ પઢવા માટે ગયેલો અને બપોરના એક વાગે મેં તમારું રોયલ એનફિલ્ડ બુલેટ નં.જી. જે.–૦૧, યુ. એન. ૫૭૨૪ નું મસ્જીદની બહાર પાર્કિંગમાં જાહેરમાં લોક મારી પાર્ક કરી સકીના મસ્જીદમાં નમાજ પઢવા માટે ગયેલો અને મસ્જીદમાંથી નમાજ પઢી બપોરના આશરે દોઢેક વાગે બહાર નીકળી મેં પાર્ક કરેલ જગ્યાએ રોયલ એનફિલ્ડ બુલેટ લેવા જતા જણાયેલ નહિં જેથી તે બાબતે મેં આજુબાજુમાં પુછપરછ કરેલી તેમજ તપાસ કરેલ પરંતુ બુલેટની કોઈ ભાળ મળેલ નથી'' તેમ જણાવેલ જે બુલેટની ડેકીમાં બુલેટની અસલ આર. સી. બુક તથા મારા સાળા મોહંમદશીલનું આધારકાર્ડ તથા બીજા કાગળો મુકેલ હતા. જેથી મેં તથા મારા સાળા મોહંમદશકીલ નાઓએ આજ દિન સુધી મારા બુલેટની ખૂબ શોધખોળ તપાસ કરવા છતાં નહિં મળી આવતા કોઈ

ચોર ઈસમ ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અગર તોડી ચોરી કરી લઈ ગયેલ હોય મારી તેના વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા સારુ ફરીયાદ છે. આમ, ઉપરોકત વિગતેની ફરિયાદીની ફરિયાદ આધારે સરખેજ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં.૧૨૮/૨૦૨૦ (ઓનલાઈન નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૬૬૭ /૨૦૨૦), ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ.

(૨) સદરહું ફરીયાદીની ફરીયાદનાં આધારે તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ જરૂરી તપાસમાં પંચનામા કરી, ક્રિ.પ્રો.કો.કલમ–૧૭૩(૨) અન્વયે તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા વિ.બીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ,જે ફોજદારી કેસ નં.૫૨૪૩/૨૦૨૧, તા.૧૭/૦૩/૨૦૨૧ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૩) સદર ગુન્હાનું ચાર્જશીટ વિ.છઠ્ઠા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદની અદાલતમાં રજુ થયેલ ત્યાર બાદ સદરહું કેસ વિ.છઠ્ઠા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, અમદાવાદ(ગ્રામ્ય)નાઓએ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે હકુમત સેશન્સ કોર્ટને હોય, તા.૧૧/૦૭/૨૦૨૨ નાં રોજ ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૭ ની જોગવાઈઓનું પાલન કરી, ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૯ હેઠળ કમિટલ હુકમ કરી, જિલ્લા અને સત્ર અદાલત, અમદાવાદ (ગ્રામ્ય) માં કમિટ કરી મોકલી આપતા, સદર કેસને સેશન્સ કેસ

નં.૧૭૮/૨૦૨૨, તા.૧૪/૦૭/૨૦૨૨ થી નોંધવામાં આવેલ અને ત્યાર બાદ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતમાં તબદિલ થઈ આવેલ છે.

(૪) સદર કામમાં હાલના આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા, બંને પક્ષકારોને સાંભળી, ક્રિમી.પ્રોસી. કોડની કલમ–૨૨૮ અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબનું તહોમતનામુ હાલના આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૨, તા.૦૧/૦૮/૨૦૨૪ થી ફરમાવવામાં આવેલ અને આરોપીઓની પ્લી આંક–૧૩ થી આંક–૧૪ અન્વયે રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કર્યા બાદ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા, સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત ફોર્મ–સી ની વિગતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા બાદ આંક–૨૮ થી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરીયાદ પક્ષ તરફે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા નથી તેવું જાહેર કરતી પુરસીસ રજુ કરેલ.જેથી ફરીયાદ પક્ષના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૬) સદર કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીઓનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જે વંચાણે લેતા આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલો છે. વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ, અમોને ખોટી રીતે હાલના ગુન્હામાં

સંડોવી દીધેલ છે, અમારી વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે.

- **<u>ફરીયાદ પક્ષની દલીલો :–</u>**

(૭) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.પી. ઠાકર ધ્વારા મૌખિક દલીલો કરેલ છે. આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબના ગુન્હાનું તહોમતનામુ આંક–૧૨ થી ફરમાવવામાં આવેલ છે. આ કામમાં ફરીયાદ પક્ષે જે સાહેદોને તપાસેલ છે તે સાહેદોની જુબાનીથી ફરીયાદની હકીકતને સમર્થન મળેલ હોય અને ફરીયાદ પક્ષે કેસ પુરવાર કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય આરોપીઓને સજા કરવા જણાવેલ છે.

- **<u>બચાવ પક્ષની દલીલો :–</u>**

(૮) બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા દલીલોમાં જણાવેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબના ગુન્હાનું તહોમતનામુ આંક–૧૨ થી ફરમાવવામાં આવેલ છે. આ કામે ફરીયાદ પક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદીનો પુરાવો રેકર્ડ પર આવેલ છે તે જોતાં ફરીયાદી તથા સાહેદના પુરાવાથી માત્ર તેઓએ બનાવની ફરીયાદ આપેલી છે તેટલી જ હકીકત રેકર્ડ પર આવે છે. આરોપીઓને અટક કર્યા બાદ કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. આ સિવાય ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતાં તેઓના પુરાવાથી હાલના આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત થઈ આવતી નથી. આ સિવાય મુદ્દામાલ રીકવર કર્યાના તથા આરોપીની અંગ ઝડતી કર્યાના પંચ સાહેદનો પુરાવો જોતા તેઓ સદર પંચનામાની વિગતે સમર્થનકારી પુરાવો આપતા નથી અને તૈયાર પંચનામા

માં સહી કરેલાની વિગત જણાવે છે. આ સિવાય પોલીસ સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ છે તે તમામ પોલીસ સાહેદનો પુરાવો જોતા તેઓએ આક્ષેપીત ગુનાના કામે તેઓની ફરજના ભાગરુપે જે જે કામગીરી કરેલી છે તેટલી જ હકીકત રેકર્ડ પર આવે છે. આ સિવાય આક્ષેપીત ગુનો હાલના આરોપીએ જ કરેલ છે તેવી વિગતે કોઈ સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ ફરિયાદ પક્ષ તેઓનો કેસ વ્યાજબી પુરાવો રજુ કરી શંકા રહીત પુરવાર કરવામાં સફળ નિવડતા નાહોય જેથી તેઓ આરોપી ને આક્ષેપીત ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

(૯) સદર કામે આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| **મુદ્દા નંબર** | **-: મુદ્દા :-** | **નિર્ણયો** |
|---|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૩/૧૦/૨૦૨૦ નાં રોજ કલાક ૧૩/૦૦ વાગે થી કલાક ૧૩/૩૦ દરમ્યાન સરખેજ ગુલશને મહેર સ્કૂલ, ટી.પી. ૮૫ રોડ ઉપર આવેલ સકીના મસ્જીદની બહાર પાર્કિંગ ખાતે જાહેરમાં ફરીયાદીનું રોયલ અઈન્ફિલ્ડ કંપનીનું બુલેટ નં.જી.જે.૦૧, યુ. એન. ૫૭૨૪ કિંમત રૂા.૫૦,૦૦૦/- ની મત્તાનું ચોરી કરી લઈ જઈ આરોપી નં.૨ વારંવાર ચોરીના વાહનો ખરીદવાની ટેવવાળા હોય આરોપી નં.૧ નાએ વેચાણ આપી આરોપી નં.૨ નાએ સદરી બુલેટ ચોરીનું હોવાનું જાણતો હોવા છતાં ખરીદી પોતાના કબજામાં રાખી તપાસ દરમિયાન મળી આવી પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯, ૪૧૩, ૧૧૪ | **નકારમાં,** |

| | | |
|---|---|---|
| | મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? | |
| ૨. | શુ આખરી હુકમ ? | **આખરી હુકમ મુજબ** |

## **<u>–: નિર્ણયના કારણો :–</u>**

## **<u>–: ફરીયાદ પક્ષનાં પુરાવાઓનું વર્ણન :–</u>**

(૧૦) સદર કામમાં ફરીયાદ પક્ષ તરફે આંક–૧૯ થી ફરીયાદી સાહેદ નં.૧ મહંમદ અકીલ અહેમદ શહીદ શેખને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ સને–૨૦૧૮ ની સાલમાં સિલ્વર કલરનું રોયલ એનફીલ્ડ બુલેટ જેનો નં.જી.જે.૦૧ યુ.એન. ૫૭૨૪ નું ખરીદ કરેલ હતુ. જેનો એન્જીન તથા ચેચીસ નંબર ફરીયાદમાં લખાવેલો. જેની ૨૦૨૦ની સાલમાં અંદાજીત કિંમત રૂ.૫૦,૦૦૦/– ગણી શકાય. વધુમાં, ફરીયાદી જણાવે છે કે, જે બુલેટ તેઓ તેઓના કામ અર્થે તેઓના સાળા મહોમંદ શકીલ નજીરભાઈ શેખને આપતા હતા. વધુમાં, ફરીયાદી જણાવે છે કે, તા.૨૩/૧૦/૨૦૨૦ના રોજ તેઓના સાળા મહોમંદ શકીલે બપોરના આશરે ત્રણેક વાગ્યાની આસપાસ ફોન કરી જણાવેલ કે, ''હું બપોરે એક વાગે જુહાપુરા ખાતે આવેલી ફેબ્રીકેશનની દુકાને તમારુ રોયલ એનફીલ્ડ બુલેટ લઈને ગુલશન મહેર સ્કુલ જ્યાં શકીના મસ્જીદ આવેલી છે,ત્યાં જુમાની નમાઝ પઢવા ગયેલો ત્યાં બપોરના એક વાગે મેં તમારુ બુલેટ  નં.જી.જે.૦૧ યુ.એન. ૫૭૨૪ નું મસ્જીદની બહાર પાર્ક કરેલ અને લોક કરેલુ. શકીના મસ્જીદમાં નમાઝ પઢ વા ગયેલ અને નમાઝ પઢીને અઢીએક વાગે બહાર નિકળતા મેં જે જગ્યાએ બુટેલ પાર્ક કરેલ ત્યાં જણાયેલ નહી. જેથી મેં આજુબાજુમાં

શોધખોળ કરેલી અને પુછપરછ કરતા મને બુલેટ મળેલુ નહી તેવુ જણાવેલ''. વધુમાં, ફરીયાદી જણાવે છે કે, આ બુલેટની ડેકીમાં અસલ આર.સી.બુક તેમના સાળા શકીલનું આધાર કાર્ડ અને બીજા કાગળો મુકેલા અને ત્યારથી બીજા દિવસ સુધી બુલેટની શોધખોળ કરવા છતા બુલેટ નહી મળતા કોઈ ચોર ઈસમ ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલી અથવા તો તોડી બુલેટ ચોરી ગયેલ હોવાનું તેમને લાગેલુ. જેથી તા.૨૪/૧૦/૨૦૨૦ના રોજ તેઓએ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. ફરીયાદ પક્ષે સદર ફરીયાદ આંક–P-3/PW-3 થી રજૂ કરેલ છે.

સદર સાહેદની બચાવ પક્ષ તરફે વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે,જેમાં તેઓએ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બુલેટ કોણે, કયારે અને કયાંથી કેવી રીતે ચોરી કરેલી તેમને ખબર નથી. વધુમાં, ફરીયાદી એ વાત પણ ખરી હોવાનું જણાવે છે કે, તેમની બુલેટ કોણ લઈ ગયેલ તે તેમને ખબર નથી. વધુમાં, તેઓએ તેમની ચોરી થયેલ બુલેટ પરત મળી ગયેલ હોવાનું પણ ફરીયાદી જણાવે છે.

(૧૧) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે આંક–૧૭ થી પંચ સાહેદ નં.૧ ભાવીશભાઈ સુરેશભાઈ મેહતાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૨૦ ની સાલમાં તેમને ખાડીયા પોલીસે પોલીસ સ્ટેશન બોલાવેલ અને તૈયાર લખેલા પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. સાહેદ વધુમાં જણાવે છે કે, તેમની રૂબરૂ પંચનામાની કોઈ કાર્યવાહી થયેલી નહીં, અને તેઓએ ફકત સહી કરેલી. સાહેદ વધુમાં એવું

જણાવે છે કે, તેમની રૂબરૂ કોઈ વાહનો કબજે કરેલા નથી. તેમને પંચનામુ બતાવતા જેમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. હાલના પંચ સાહેદે પોતાની જુબાની માત્ર અને માત્ર આટલી જ હકીકતો જણાવી ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સંપૂર્ણ રીતે સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસમાં પૂછી શકાય તેવાં પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા ન્યાયના હિતમાં ઉલટ તપાસમાં પૂછી શકાય તેવાં પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા હાલના સાહેદોની ફરીયાદ પક્ષના કેસની હકીકતો સંદર્ભે ઉંડાણપૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં હાલના સાહેદોએ ફરીયાદપક્ષના કેસની સમગ્ર હકીકતોનો સંપૂર્ણ પણે ઈનકાર કરેલ છે અને ફરીયાદપક્ષના કેસને અંશમાત્ર પણ સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી છે, તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

(૧૨) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે આંક-૧૮ થી પંચસાહેદ નં.ર ઝહીર અબ્બાસ ઈસબભાઈ દલાલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને-૨૦૨૦ ની સાલમાં સરખેજ પોલીસે એક પંચનામામાં સહી કરવા બોલાવેલ, તેઓ સહી કરીને નિકળી ગયેલા, તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી. આ સાહેદને પંચનામુ બતાવતા જેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. હાલના સાહેદે પોતાની જુબાની માત્ર અને માત્ર આટલી જ હકીકતો જણાવી

ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સંપૂર્ણ રીતે સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસમાં પૂછી શકાય તેવાં પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા ન્યાયના હિતમાં ઉલટતપાસમાં પૂછી શકાય તેવાં પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા હાલના સાહેદની ફરીયાદ પક્ષના કેસની હકીકતો સંદર્ભે ઉંડાણપૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં સાહેદે ફરીયાદપક્ષના કેસની સમગ્ર હકીકતોનો સંપૂર્ણ પણે ઈનકાર કરેલ છે અને ફરીયાદપક્ષના કેસને અંશમાત્ર પણ સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેમણે માત્ર તૈયાર પંચનામા માં સહી કરેલી છે, તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

(૧૩) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે આંક–૨૦ થી સાહેદ નં.૪ દેવેન્દ્રસિંહ બબલસિંહ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૨૧ની સાલમાં તેઓ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, તે દરમ્યાન સરખેજ પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૧૨૮/૨૦૨૦, ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે આરોપી નં.૧ મહંમદ રફીક અંસારી અને આરોપી નં.૨ શોએબ અબ્દુલ શેખનાઓને ખાડીયા પોલીસના ગુના. રજી.નં. ફ. ૩૭૬/૨૦૨૦ના કામે અટક કરેલ હોય કોર્ટમાં તા.૨૮/૧૨/૨૦૨૦ના રોજ રજુ કરેલ હોય જેને ટ્રાન્સફર વોરંટના આધારે સરખેજ પોલીસ સ્ટેશનનના ગુનાના કામે તપાસ માટે જરૂરી હોય ટ્રાન્સફર વોરંટના

આધારે આરોપીઓને મેળવેલા અને આ કામની તપાસ પી. એસ. આઈ. ડી.પી. સોલંકીને આપેલી. જે અંગેનો રીપોર્ટ અમોએ કરેલો, જેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેમણે આરોપીઓને ટ્રાન્સફર વોરંટના આધારે મેળવેલ છે, વધુમાં, સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ આરોપીઓને ખાડીયા પોલીસે કયા ગુન્હાના કામે પકડેલા તે અંગેની તેમને જાત માહિતી નથી, સાહેદ વધુમાં એવું જણાવે છે કે, તેમણે આ કામે આ સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૧૪) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે આંક–૨૩ થી સાહેદ નં.૫ રાજેન્દ્રભાઈ હરજીભાઈ દેસાઈને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ૨૦૨૦ની સાલમાં ખાડીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, તે દરમ્યાન ખાડીયા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૩૭૬ /૨૦૨૦, ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનાના કામે આરોપી અટક કરેલ હોય તેમજ તપાસમાં આરોપીની પુછપરછ દરમ્યાન આરોપી દ્વારા અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારમાં ટુ વ્હીલર વાહનો ચોરી કરેલ હોય અને જે પૈકી અમુક વાહનો આરોપીના ભાઈ તેમજ સગા સંબંધીઓના ઘરે મુકી રાકેલ હોવાનું જણાવતા તે બાબતે સદર વાહનો રિકવર કરેલ અને કબ્જે કરેલ તે અંગેનું વિગતવારનું પંચનામું પંચો રૂબરૂ કરેલ, જેમાં બે પંચોની સહી મેળવી રૂબરૂપણામાં તેઓએ સહી કરેલી, જે તેઓએ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો ઈનકાર કરેલ છે કે, તેઓએ આરોપી નં.૧ ની ખોટી રીતે અટક કરેલ છે. તેઓએ એ હકીકતોનો ઈનકાર કરેલ છે કે, આ કામે ખોટા પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરેલ છે અને તેમાં પાછળથી પંચોની સહીઓ લીધેલ છે. તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આ સિવાય અન્ય કોઈ કામગીરી મેં કરેલ નથી.

(૧૫) વધુમાં,ફરીયાદપક્ષ તરફે આંક–૨૫ થી તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૬ દિલાવરસિંહ પ્રવિણસિંહ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને–૨૦૨૦ની સાલમાં સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, તે દરમ્યાન સરખેજ પોલીસ સ્ટેશન, ગુના રજી. નં.૧૨૮ /૨૦૨૦, ઈ.પી.કો. કલમ ૩૭૯, ૪૧૩ વિગેરે મુજબના ગુનાની તપાસ વી.ડી. ડોડીયા કરતા હતા, તેઓની બદલી થતા સદર ગુનાની તપાસ અમોને સોપવામાં આવેલી. જે તપાસ અમોએ સંભાળી લીધેલી. સાહેદ વધુમાં જણાવે છે કે, આ ગુનાના કામે ખાડીયા પોલીસ સ્ટેશનેથી સરખેજ પોલીસ સ્ટેશન વર્ધી આવેલી કે, આ ગુનાના કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે હાલના આરોપીઓ પકડાયેલ છે, જેથી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. જે કાર્યવાહીના ભાગ રૂપે હે.કો. દેવેન્દ્રસિંહ નાઓને ટ્રાન્સફર વોરંટ મેળવવા માટે મોકલી આપેલ. જેઓએ આ ગુનાના કામે કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ મેળવી તેમજ જેલ ચાદી મેળવતા આરોપીઓને સેન્ટ્રલ જેલથી કબ્જો સંભાળી પો.સ્ટે. ખાતે લાવેલા. સાહેદ વધુમાં જણાવે છે કે, આ ગુનાના કામે ખાડીયા પો.સ્ટે. ખાતેથી

લાવેલ, આ ગુનાના કામનો મુદ્દામાલ તથા કરેલ કાગળો તપાસમાં સામેલ રાખી મુદ્દામાલ પાવતી ફાડી આરોપીઓને આ ગુનાના કામે નિવેદન મેળવી ગુનાની કબુલાત કરતા તેઓને અટક કરેલા તેમજ આ ગુનાના કામે આરોપીઓએ મુદ્દામાલ ચોરી કરી વારંવાર ચોરીનો મુદ્દામાલ હોવાનું જાણવા છતા વેંચાણ કરેલ હોય ઈ.પી.કો કલમ ૪૧૩નો ઉમેરો કરવા નામ. કોર્ટમાં રીપોર્ટ કરેલ. તેમજ આ કામે આરોપીઓને મુદત અંદર નામ. કોર્ટમાં કેદ રહેવા સારૂ મોકલી આપેલ અને આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

સદર સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તપાસના કામે જે મુદ્દામાલ કબજે કરેલ છે તે બજારમાંથી સહેલાઈથી મળી શકે તેમ છે, મુદ્દામાલના બિલો ચાર્જશીટ સાથે રજૂ કરેલ નથી. સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુના સીસીટીવી ફુટેજ તેઓએ તપાસના કામે કબજે કરેલ નથી. વધુમાં, સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આરોપીઓના મોબાઈલ લોકેશન ગુન્હાવાળી જગ્યાની આજુબાજુ હોય તેવો પણ કોઈ આધાર રજૂ કરેલ નથી.

(૧૬) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે આંક-૨૭ થી તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૭ વનરાજસિંહ દિલીપસિંહ ડોડીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૨૦ની સાલમાં સરખેજ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન સરખેજ પો.સ્ટે. ગુના રજી.નં.૧૨૮/૨૦૨૦, ઈ.પી.કો. કલમ

૩૭૯, ૪૧૩ વિગેરે મુજબના ગુનાના કામની ફરીયાદ હે.કો. નાઓ રૂબરૂ ફરીયાદી મહોમંદ આકીલ અહેમદ શેખનાઓએ આપતા ફરીયાદ લખી લઈ ગુનો રજી કરી તેની વધુ તપાસ અમોએ સંભાળી લીધેલી. ત્યારબાદ ગુનાવાળી જગ્યાનું પંચનામું બે પંચો બોલાવી પંચોનાલખાવ્યા મુજબ લખી લીધેલ. જેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં મારી સહી છે, ત્યારબાદ ખાડીયા પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોર્ડની બાતમી આધારે આરોપી તથા મુદ્ધામાલ અટક કરી તે અંગેનું પંચનામું કરેલું, જે અમો તરફ મોકલી આપેલ, જેમાં પંચોની તથા પી.એસ.આઈ આર.એચ.દેસાઈ નાઓની સહી હું ઓળખી બતાવુ છુ. ત્યારબાદ આ કામની વધુ તપાસ સરખેજ પો.સ્ટે.ના ડી.પી. સોલંકી નાઓને સુપ્રત કરેલી.

સદર સાહેદની આરોપી નં.ર તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, મેં આ કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી, ગુન્હાવાળી જગ્યાએથી કોઈ ચીજ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી, મેં આ કામનાં આરોપીને મુદ્દામાલ સાથે પકડેલ નથી.

## **<u>–: ફરીયાદપક્ષનાં પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>**

➢ **<u>મુદ્ધા નં.૧ :–</u>**

(૧૭) ફોજદારી કાર્યપ્રણાલીના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ ની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ ઉપર તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી રહેલી છે. ફરીયાદ પક્ષ ધ્વારા પોતાનો કેસ પુરવાર કરવામાં સામાપક્ષની નબળાઈનો કોઈ લાભ લેવાનો હોતો નથી,પરંતુ પોતે રજૂ કરેલા પુરાવાથી આરોપી સામેનો આક્ષેપ નિ:શંકપણે

પુરવાર કરવાનો રહે છે. જેટલા ગંભીર ગુન્હાના આક્ષેપ તેટલી જ ઉચી ગુણવત્તાનાં પુરાવાની અપેક્ષા ફરીયાદ પક્ષ ઉપર હોય છે. ફરીયાદ પક્ષ ઉપર આરોપીનો ઈરાદો પ્રથમથી જ ગુન્હો કરવાનો હતો તેવી હકીકત નિ:શંક પણે પુરવારકરવાનીજવાબદારી છે. જયારે ફરીયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડે ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ફોજદારી ન્યાયનાં પુરાવાના મૂલ્યાંકનનાં સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટનો ***"Bhagwan Jagannath Markad & Ors. Vs. State of Maharashtra", "2016 (10) SCC 537"*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચૂકાદાને વંચાણે લેવો જરૂરી છે. જેમાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

> *18. It is accepted principle of criminal jurisprudence that the burden of proof is always on the prosecution and the accused is presumed to be innocent unless proved guilty. The prosecution has to prove its case beyond reasonable doubt and the accused is entitled to the benefit of the reasonable doubt. The reasonable doubt is one which occurs to a prudent and reasonable man. Section 3 of the Evidence Act refers to two conditions – (i) when a person feels absolutely certain of a fact – "believe it to exist" and (ii) when he is not absolutely certain and thinks it so extremely probable that a prudent man would, under the circumstances, act on the assumption of its existence. The doubt which the law contemplates is not of a confused mind but of prudent man who is assumed to possess the capacity to "separate the chaff from the grain". The degree of proof need not reach certainty but must carry a high degree of probability.* ***Vijayee Singh V. State of U.P. (1990) 3 SCC 190, Paras- 18, 28-30.***

> *19. While appreciating the evidence of a witness, the court has to assess whether read as a whole, it is truthful. In doing so, the court has to keep in mind the deficiencies, drawbacks and infirmities to*

*find out whether such discrepancies shake the truthfulness. Some discrepancies not touching the core of the case are not enough to reject the evidence as a whole. No true witness can escape from giving some discrepant details. Only when discrepancies are so incompatible as to affect the credibility of the version of a witness, the court may reject the evidence. Section 155 of the Evidence Act enables the doubt to impeach the credibility of the witness by proof of former inconsistent statement. Section 145 of the Evidence Act lays down the procedure for contradicting a witness by drawing his attention to the part of the previous statement which is to be used for contradiction. The former statement should have the effect of discrediting the present statement but merely because the latter statement is at variance to the former to some extent, it is not enough to be treated as a contradiction. It is not every discrepancy which affects creditworthiness and trustworthiness of a witness. There may at times be exaggeration or embellishment not affecting credibility. The court has to sift the chaff from the grain and find out the truth. A statement may be partly rejected or partly accepted. Want of independent witnesses or unusual behavior of witnesses of a crime is not enough to reject evidence. A witness being a close relative is not enough to reject his testimony if it is otherwise credible. A relation may not conceal the actual culprit. The evidence may be closely scrutinized to assess whether an innocent person is falsely implicated. Mechanical rejection of evidence even of a 'partisan' or 'interested' witness may lead to failure of justice. It is well known that principle "falsus in uno, falsus in omnibus" has no general acceptability. On the same evidence, some accused persons may be acquitted while others may be convicted, depending upon the nature of the offence. The court can differentiate the accused who is acquitted from those who are convicted. A witness may be untruthful in some aspects but the other part of the evidence may be worthy of*

*acceptance. Discrepancies may arise due to error of observations, loss of memory due to lapse of time, mental disposition such as shock at the time of occurrence and as such the normal discrepancy does not affect the credibility of a witness.*

*20. Exaggerated to the rule of benefit of doubt can result in miscarriage of justice. Letting the guilty escape is not doing justice. A Judge presides over the trial not only to ensure that no innocent is punished but also to see that guilty does not escape.*

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંતને ઘ્યાને લેતાં, વિસંગતતા માટેના ઘણાં કારણો હોઈ શકે છે. જેમ કે, સમયની સાથે યાદશકિતમાં ઘટાડો, બનાવને નિહાળવાની શકિતમાં તફાવત, માનસિક તણાવ, બનાવ સમયે લાગેલ આઘાત પણ વિસંગતતા માટેના કારણો હોઈ શકે છે. વધુમાં જયારે અન્ય પુરાવો વિશ્વસનીય હોય ત્યારે થોડી માત્રામાં પુરાવામાં આવેલ વિસંગતતાનો લાભ આરોપીને મળી શકે નહીં. વધુમાં પુરાવાનું મૂલ્યાંકન કરતા સમયે નિર્દોષ દંડાય નહીં અને દોષિત છુટી ન જાય તેનું પુરતુ ઘ્યાન રાખવું જરૂરી છે. જેથી પુરાવાનું સમગ્ર બનાવની હકીકત અને રેકર્ડ ઉપર આવેલ હકીકતોને ઘ્યાને લઈ કરવું જરૂરી છે. વધુમાં જયાં સુધી આરોપી ગુનેગાર પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું રહે છે. વધુમાં, ફરીયાદ પક્ષ ઘ્વારા તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી રહેલ છે. વધુમાં, જો પુરાવામાં કોઈપણ શંકા ઉત્પન્ન થાય તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં, પુરાવાની સંખ્યા કરતા પુરાવાની ગુણવત્તા ઉપર વધુ આધાર હોય છે. વધુમાં, જેટલો ગંભીર ગુન્હો તેટલા જ સચોટ અને વિશ્વસનિય પુરાવાની અપેક્ષા ફરીયાદપક્ષ પાસેથી રાખવામાં આવતી હોય છે. જો ફરીયાદ પક્ષનો પુરાવો વિશ્વસનીય ન હોય તો તેવા પુરાવા ઉપર આધાર

રાખી આરોપીને ગુન્હા સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહીં. આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા જોઈએ. વધુમાં, રજુ થયેલ પુરાવા દરમ્યાન જો કોઈપણ શંકાસ્પદ હકીકત ઉદ્‌ભવે તો તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે.

(૧૮) ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી, આરોપીઓ સામે આક્ષેપિત ગુનાના તત્વો ધ્યાને લઈ, ફરીયાદ પક્ષના કેસ અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૧૯ થી આ કામના ફરિયાદી મહંમદઅકીલ અહેમદ શહીદ શેખને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૩/૧૦/૨૦૨૦ નાં રોજ કલાક ૧/૦૦ વાગે ફરીયાદીના સાળા મહોમંદ શકીલ ફરીયાદીનું બુલેટ નં.જી.જે.–૦૧, યુ. એન. ૫૭૨૭ લઈને શકીના મસ્જીદે નમાજ પઢવા ગયેલ અને કલાક ૧/૩૦ વાગે નમાજ પઢી ને પરત આવતા બુલીટ મળી આવેલ નહી, બુલેટ જે જગ્યાએ પાર્ક કરેલ ત્યાં જણાયેલ નહી. જેથી આજુબાજુમાં શોધખોળ કરેલી અને પુછપરછ કરતા બુલેટ મળેલુ નહી તેવુ જણાવેલ. બુલેટની ડેકીમાં અસલ આર.સી.બુક મારા સાળા શકીલનું આધાર કાર્ડ અને બીજા કાગળો મુકેલા અને ત્યારથી બીજા દિવસ સુધી બુલેટની

શોધખોળ કરવા છતા બુલેટ નહી મળતા કોઈ ચોર ઈસમ ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલી અથવા તો તોડી બુલેટ ચોરી ગયેલ હોવાનું લાગેલુ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. વધુમાં ફરિયાદીની આરોપી પક્ષે જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા, ફરિયાદી એ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારી બુલેટ કોણે, કયારે અને કયાંથી કેવી રીતે ચોરી કરેલી તે મને ખબર નથી, મારી બુલેટ કોણ લઈ ગયેલ તે મને ખબર નથી, મને મારી ચોરી થયેલ બુલેટ પરત મળી ગયેલ છે. આમ, ફરિયાદીની જુબાનીનું તથા તેના ધ્વારા આપવામાં આવેલ ફરિયાદની હકીકતોનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો તે હકીકત સ્પષ્ટ થાય છે કે, સદર બનાવના અરસામાં ફરિયાદીનું બુલટ ચોરાયેલ હતુ. પરંતુ, ફરિયાદીએ પોતે તેની જુબાનીમાં જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર બુલેટ કોણે, કયારે અને કેવી રીતે ચોરી કરેલ તેની તેઓને ખબર નથી. તે સંજોગોમાં, ફરિયાદીનુ સદર બુલેટ આ કામના આરોપીએ ચોરેલ હોય તેવી કોઈ હકીકત ફરિયાદીની જુબાની ઉપરથી કે તેમના ધ્વારા આપવામાં આવેલ ફરિયાદની હકીકતો પરથી રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૯) વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક–P-1/PW-1 થી આરોપીની અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ તથા આંક P-2/PW-2 થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ રજૂ કરવામાં આવેલ છે અને તે પંચનામાઓ અંગે જે તે પંચ નામાઓનાં પંચોને તપાસવામાં આવેલ છે. સદરહું બંને પંચશ્રીઓએ પંચ નામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ, બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં માત્ર સહી કરેલાની

હકીકત જણાવે છે. આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ પંચનામાની વિગત ધ્યાને લેતા સર્વ પ્રથમ પંચનામાની હકીકત ફરિયાદ પક્ષે યોગ્ય પુરાવો રજુ કરી પુરવાર કરવામાં આવેલ છે કે કેમ? તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **૧૯૮૮(૨) જી.એલ.એચ. ૫૧૫ પરના મેર વેજા મેરામણ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. જે ચુકાદામાં પંચનામાની સાબીતી અંગે ઠરાવેલ છે કે, "Panchnama can be used only to corroborate the evidence of the panch and not as a substantive piece of evidence. A panchnama which can be used only to corroborate the panch has to be read over to the Panch and only thereafter it can be exhibited. If the panch has omitted to state something which is found in the panchnama, then after reading the panchnama the panch has to be asked whether that portion of the panchnama is correct or not and whatever replay he gives has to be recorded. If he replies in affirmative, then only that portion of the panchnama can be read to corroborate the substantive evidence of the Panch. If he replies in negative, then that part of panchnama can not be read in evidence for want of substantive evidence on record."

(૨૦) આમ, પંચનામાની સાબિતી તથા તેનુ પુરાવામાં મુલ્યાંકન અંગે પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત સિધ્ધાંત ધ્યાને લેતાં, સદરહુ પંચનામુ તથા તેના પંચ સાહેદાના પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો બનાવ સમયે હાલના આરોપીની અટક કરી તેમજ હાલના આરોપી પાસેથી જ પંચનામાની વિગતે મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકતને આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદ સમર્થન કરતા નથી. આમ, પંચનામાની સાબિતી તથા તેનુ પુરાવામાં મુલ્યાંકનઅંગે પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત સિધ્ધાંત ધ્યાને લેતાં, સદરહુ પંચનામા તથા તેના પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો બનાવ સમયે હાલના

આરોપીની અટક કરી હાલના આરોપી પાસેથી જ પંચનામાની વિગતે મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકતને પંચ સાહેદ સમર્થન કરતા નથી. જ્યારે તપાસ કરનાર અમલદારની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે જે ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં તેઓએ કબુલ કરેલ છે કે, તેઓએ હાલના આરોપીઓની ટ્રાન્સફર વોરંટના આધારે અટક કરેલ છે, મુદ્દામાલ સાથે આરોપીને પકડેલ નથી. રેકર્ડ વંચાણે લેતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલા હોવાનું જણાતુ નથી તેમજ તપાસના કામે હાલના આરોપીની કોઈ ઓળખપરેડ પણ કરાવેલ નથી. વધુમાં હાલનો જે બનાવ બનેલ છે તે જાહેર રોડ ઉપર બનેલ છે અને તે જગ્યાએ થી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતા તેમ છતાં આવા બનાવ નજરે જોયેલ હોય તેવા બનાવવાળી જગ્યાના અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી તપાસ કરનાર ઘ્વારા તેઓનું કોઈ નિવેદન પણ લેવામાં આવેલ નથી. વધુમાં તપાસ કરનારે આરોપીની અટક કર્યા બાદ ફરિયાદી સાહેદને હાજર રાખી તેઓની કોઈ ઓળખ પરેડ પણ કરાવેલ નથી તેમજ આ કામના આરોપી પાસેથી જ ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલ છે તેવી કોઈ જ હકીકત પોલીસે ફરિયાદી સાહેદને જણાવેલ હોય તેવી પણ કોઈવિગતરેકર્ડ પરઆવતી નથી.હાલના ગુન્હામાં હાલના આરોપી સંડોવણી હોવાનો કોઈ સ્પષ્ટ પુરાવો ફરીયાદ પક્ષ રજૂ કરી શકેલ નહીં હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં, આ કામે રજુ પંચ સાહેદનો પુરાવો જોતા રીકવરી પંચનામાની વિગતે સમર્થન મળતુ નથી. વધુમાં બનાવ સમયે હાલના આરોપીની બનાવવાળા સ્થળ ઉપરની હાજરી કોઈપણ સાહેદોના પુરાવા ઉપરથી પુરવાર થતી નથી. જ્યારે ફરીયાદ પક્ષનો સમગ્ર કેસ રીકવરી

પંચનામા ઉપર આધારીત હોય ત્યારે પંચોનો પુરાવો મહત્વનો હોય છે.પરંતુ, સદર કામે પંચ ધ્વારા સમર્થન આપેલ ન હોય અને ફરીયાદ પક્ષ આરોપી સામેનાં આક્ષેપો અને મુદ્દા નં.૧ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

=====================

**II –: આખરી હુકમ :– II**

======================

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૩પ(૧) અન્વયે આ કામનાં આરોપીઓ **(૧) મોહંમદરફીક મોહંમદઆલમ અંસારી,** રહે.મ.નં.પ૮, રહેમતનગર, સુંદરમનગર પાસે, બાપુનગર, અમદાવાદ, **(ર) સોએબ અબ્દુલસમદ શેખ,** રહે.એમ.બી. કોમ્પ્લેક્ષ, કલંદરી મસ્જીદ પાસે, રખિયાલ, અમદાવાદ નાઓને ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબના ગુન્હામાં થી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) મુદ્દામાલ પાવતી સરખેજ પોલીસ સ્ટેશન મુદ્દામાલ પાવતી, નં.ર૩/ર૦ર૧, તા.૧૮/૦૧/ર૧ માં દર્શાવેલ મુદ્દામાલ એક આર.ઈ બુલેટ કલાસીક–૩પ૦ જે ગન મેટ ગ્રે કલરનું છે, જેનો એન્જીન નં.U355-C2JM324716 તથા ચેચીસ નં.ME3U355C2JM352700 છે તે સંબંધે વચગાળાની કસ્ટડીએ પરત આપવાનો હુકમ થયેલ હોય તે હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામનાં આરોપીઓએ આપેલ જામીન તથા જાત મુચરકા રદ્દ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલ કોર્ટમાં

હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીઓએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજ તારીખ:૧૬-મી, માહે-સપ્ટેમ્બર, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૬/૦૯/૨૦૨૫
સ્થળ : નવરંગપુરા, અમદાવાદ.

(હાર્દિક આર. શાહ)
૧૧,માં એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,
અમદાવાદ(રૂરલ), અમદાવાદ.
જી.જે.૦૦૮૫૧

//PN KHUMAN//PS